**પાંચમી ટેસ્ટ પ્રથમ દિવસ : ટી બ્રેક સમયે ભારતનો સ્કોર 85/3, સાઇ સુદર્શન 28 રને રમતમાં, શુભમન ગીલ 21**

# ઓવલ ટેસ્ટમાં વારંવારના વરસાદી વિઘ્નથી રમત અવરોધાઇ

**વારંવારના** વરસાદી વિઘ્નને કારણે ટી બ્રેક સુધીમાં માત્ર 29 ઓવરની જ રમત શક્ય બની

**ભારત** અને ઇંગ્લેન્ડ બંને ટીમોએ પોતાની પ્લેઇંગ ઇલેવનમાં ચાર-ચાર ફેરફાર કર્યા

લંડન, તા. 31 : ભારતના ઇંગ્લેન્ડ પ્રવાસની આજે ગુરૂવારથી અહીં શરૂ થયેલી પાંચમી અને અંતિમ ટેસ્ટમાં વારંવારના વરસાદી વિઘ્ન વચ્ચે પ્રથમ દિવસે ટી બ્રેક સુધીમાં ભારતે પોતાના પ્રથમ દાવમાં ત્રણ વિકેટે 85 રન બનાવ્યા હતા. બ્રેક સમયે સાઈ સુદર્શન 28 રને જ્યારે કરુણ નાયર ખાતુ ખોલાવ્યા વગર ક્રિઝ પર હતા. ઇંગ્લેન્ડ તરફથી ગસ એટકિન્સન અને ક્રિસ વોક્સે એક-એક વિકેટ લીધી હતી.


ઈંગ્લેન્ડના કેપ્ટન ઓલી પોપે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમનો ઓપનર યશસ્વી જયસ્વાલ માત્ર બે રન બનાવીને આઉટ થયો હતો. તે પછી કેએલ રાહુલ પણ માત્ર 14 રન કરીને આઉટ થતાં ભારતે 38 રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. સુદર્શન અને શુભમન ગીલે તે પછી લંચ બ્રેક સુધીમાં કોઇ નુકશાન થવા દેવા વગર સ્કોર બે વિકેટે 72 રન સુધી લઇ ગયા હતા. વાદળછાયું વાતાવરણ વચ્ચે સાઈ સુદર્શન અને કેપ્ટન શુભમન ગિલે અનુક્રમે અણનમ 25 અને અણનમ 15 રન બનાવ્યા હતા. લંચ બ્રેક પછી રમત ફરી શરૂ થવામાં વરસાદે વિલંબ કરાવ્યો હતો. તે પછી રમત શરૂ થઇ અને ગીલ પોતાના સ્કોરમાં છ રન ઉમેર્યા પછી આત્મઘાતિ રનઆઉટ થતાં ભારતે ત્રીજી વિકેટ ગુમાવી હતી. તે પછી વરસાદે ફરી વિઘ્ન નાંખતા ટી બ્રેક વહેલો લઇ લેવાયો હતો અને તે પછી પણ વરસાદ ચાલુ રહેતા રમત શરૂ થઇ નહોતી. આ પહેલા વરસાદના કારણે બીજા સત્રની શરૂઆત મોડી થઈ હતી. ભારત અને ઇંગ્લેન્ડ બંનેએ પોતાની ટીમમાં ચાર-ચાર ફેરફાર કર્યા હતા. ભારતે જસપ્રીત બુમરાહ, અંશુલ કંબોજ, શાર્દુલ ઠાકુર અને ઈજાગ્રસ્ત ઋષભ પંતની જગ્યાએ આકાશ દીપ, પ્રસિદ્ધ કૃષ્ણ, કરુણ નાયર અને ધ્રુવ જુરેલને સમાવ્યા હતા.



## અમ્પાયર ધર્મસેનાએ ઇશારો કરીને ઇંગ્લેન્ડની ટીમનો DRS બચાવી લીધો

**સુદર્શન** સામે લેગ બિફોરની અપીલ નકારતા ધર્મસેનાએ બેટમાં બોલ લાગ્યાનો ઇશારો કરતાં ઇંગ્લીશ ટીમે DRS લેવાનું માંડી વાળ્યું

લંડન, તા. 31 : ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પાંચમી અને અંતિમ ટેસ્ટ આજે ગુરુવારથી ધ ઓવલ ખાતે શરૂ થઈ હતી, આ મેચમાં શ્રીલંકન અમ્પાયર કુમાર ધર્મસેનાએ આડકતરો ઇશારો કરીને ઇંગ્લેન્ડની ટીમનો ડીઆરએસ વ્યર્થ જતાં બચાવ્યો હતો. હકીકતમાં ભારતની બે વિકેટ પડ્યા પછી બેટિંગ કરી રહેલા સાઈ સુદર્શનને ઇંગ્લેન્ડના બોલર જોશ ટંગે ઇનસ્વિંગ યોર્કર ફેંક્યો અને તે બોલનો બચાવ કરવાનો પ્રયાસ કરતી વખતે સુદર્શન પડી ગયો. એવું લાગતું હતું કે બોલ સીધો સાઈના પેડ પર વાગ્યો હતો. આવી સ્થિતિમાં, આખી ઇંગ્લેન્ડ ટીમે જોરદાર અપીલ કરી. જોકે, અમ્પાયર કુમાર ધર્મસેનાએ તેને નોટઆઉટ જાહેર કર્યા પછી બોલ સુદર્શનની બેટમાં વાગ્યો હોવાનો હાથ વડે ઈશારો કર્યો હતો. ઈંગ્લેન્ડની ટીમ અપીલ નકારાતા ડીઆરએસ લેવાની તૈયારીમાં હતી પણ અમ્પાયરે કરેલા ઇશારાથી તેમનો ડીઆરએસ બચી ગયો હતો. ધર્મસેનાની આ હરકતને કારણે હવે ઘણો હોબાળો થઈ રહ્યો છે, તેમના ઈશારાને કારણે ઇંગ્લેન્ડનો રિવ્યૂ બચી ગયો હતો. ડીઆરએસ પ્રોટોકોલ હેઠળ અમ્પાયરને અપીલ સમયે પોતાના નિર્ણય પાછળનું કારણ જણાવવાની જરૂર હોતી નથી.



## ભારતીય ટીમે એક સીરિઝમાં સર્વાધિક રન કરવાનો પોતાનો રેકોર્ડ સુધાર્યો

ઇંગ્લેન્ડ સામેની હાલની પાંચ મેચની સીરિઝની આજથી શરૂ થયેલી પાંચમી અને અંતિમ ટેસ્ટમાં ભારતીય ટીમે જ્યારે બે વિકેટે 82 રન બનાવ્યા હતા, ત્યારે તેણે કોઇ એક ટેસ્ટ સીરિઝમાં કુલ રન કરવાનો પોતાનો 47 વર્ષ જૂનો રેકોર્ડ સુધાર્યો હતો. આ મેચમાં 82 રન કરીને ભારતીય ટીમે હાલની સીરિઝમાં કુલ મળીને 3274 રન બનાવી લીધા હતા, જે કોઇ એક ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ રન છે. આ રનના આંકડાએ 1978માં વેસ્ટ ઈન્ડિઝ સામે ઘરઆંગણે છ મેચની સીરિઝમાં બનાવેલા 3270 રનના રેકોર્ડને પાછળ છોડ્યો હતો.

**એક સીરિઝમાં તમામ મેચ મળીને ભારતીય ટીમના કુલ રન**

| હરીફ ટીમ | મેચ | કુલ રન | વર્ષ |
|---|---|---|---|
| ઇંગ્લેન્ડ | 5 | 3274 | 2025 |
| વેસ્ટઇન્ડિઝ | 6 | 3270 | 1978 |
| ઇંગ્લેન્ડ | 5 | 3230 | 2016 |
| ઇંગ્લેન્ડ | 5 | 3140 | 2024 |
| ઇંગ્લેન્ડ | 5 | 3119 | 1964 |

## શુભમન ગીલ પાંચેય મેચમાં ટોસ હાર્યો, 21મી સદીમાં માત્ર બીજીવાર આવું બન્યું

શુભમન ગિલ વર્તમાન ટેસ્ટ સીરિઝમાં અત્યાર સુધીના તમામ પાંચેય ટોસ હાર્યો છે. તેની સાથે જ ભારતીય પુરુષ ટીમની ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ટોસ હારવાની પરંપરા સતત 15મી મેચ સુધી લંબાઇ છે. આ તરફ ઓલી પોપે કેપ્ટન તરીકે ટેસ્ટ મેચમાં ટોસ જીત્યો હોય તેવું પહેલીવાર બન્યું છે. વળી કોઇ ટીમે પાંચ ટેસ્ટની સીરિઝમાં તમામ મેચમા ટોસ હાર્યો હોત તેવી આ 14મી ઘટના છે. જો કે 21મી સદીમાં આ પહેલા આવું ફક્ત એક જ વાર બન્યું હતું, જ્યારે ભારત 2018ના ઇંગ્લેન્ડ પ્રવાસ દરમિયાન પાંચેય મેચમાં ટોસ હાર્યું હતું.

| ભારત પ્રથમ દાવ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ LB બો.એટકિન્સન | 2 | 9 | 0 | 0 |
| રાહુલ બો.વોક્સ | 14 | 40 | 1 | 0 |
| સુદર્શન રમતમાં | 28 | 84 | 4 | 0 |
| ગીલ રનઆઉટ | 21 | 35 | 4 | 0 |
| કરુણ રમતમાં | 0 | 8 | 0 | 0 |
| વધારાના | 20 | | | |

કુલ (29 ઓવરમાં ત્રણ વિકેટે) 85

વિકેટપતન : 1/10, 2/38, 3/83

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| ક્રિસ વોક્સ | 9 | 0 | 28 | 1 |
| ગસ એટકિન્સન | 9 | 3 | 13 | 1 |
| જોશ ટંગ | 5 | 2 | 18 | 0 |
| જેમી ઓવરટન | 6 | 0 | 23 | 0 |

## શુભમન ગીલ એક ટેસ્ટ સીરિઝમાં સર્વાધિક રન કનારો ભારતીય કેપ્ટન બન્યો, વિશ્વમાં ત્રીજા ક્રમે

**ભારતીય** કેપ્ટન તરીકે સુનિલ ગાવસ્કરનો 47 વર્ષ જૂનો અને ઇંગ્લેન્ડમાં વિદેશી કેપ્ટન તરીકે ગેરી સોબર્સનો 59 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો



લંડન. તા. 31 : ભારતના નવા ટેસ્ટ કેપ્ટન શુભમન ગિલે 2025 એન્ડરસન-તેંડુલકર ટ્રોફીમાં બેટથી સનસનાટીભર્યા પ્રદર્શનનો આનંદ માણ્યો છે. ઓવલ ખાતેની પાંચમી ટેસ્ટ દરમિયાન ગીલે 11 રન બનાવતા જ સીરિઝમાં તેણે 733 રન પુરા કર્યા અને તેની સાથે તેણે 47 વર્ષ પહેલા વેસ્ટ ઇન્ડીઝ સામેની 1978ની સીરિઝમાં દિગ્ગજ સુનીલ ગાવસ્કર દ્વારા એક સીરિઝમાં બનાવાયેલા સર્વાધિક 732 રનના આંકડાને વટાવી દીધો હતો. હવે ગીલ એક જ ટેસ્ટ સીરિઝમાં સર્વાધિક રન કરનારો ભારતીય કેપ્ટન બની ગયો છે. આ યાદીમાં ત્રીજા સ્થાને વિરાટ કોહલી છે, જેણે 2017 માં ઇંગ્લેન્ડ સામે 655 રન બનાવ્યા હતા. આ ઉપરાંત તેણે ઇનિંગની શરૂઆતમાં જ વેસ્ટઇન્ડિઝના માજી કેપ્ટન અને દિગ્ગજ ગેરી સોબર્સનો 59 વર્ષ જૂનો ઇંગ્લેન્ડમાં એક સીરિઝમાં સર્વાધિક 722 રન કરનાર વિદેશી કેપ્ટન તરીકેનો રેકોર્ડ પણ તોડ્યો હતો. કોઇ એક સીરિઝમાં કેપ્ટન તરીકે સર્વાધિક રન કરવા મામલે હવે તે વિશ્વમાં ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ડોન બ્રેડમેન અને ઇંગ્લેન્ડના દિગ્ગજ ગ્રેહામ ગૂચ પછી ત્રીજા ક્રમે છે.

**એક જ ટેસ્ટ સીરિઝમાં સર્વાધિક રન કરનારા ભારતીય કેપ્ટન**

| કેપ્ટન | રન | હરીફ | વર્ષ | મેચ | એવરેજ |
|---|---|---|---|---|---|
| શુભમન ગિલ | 743 | ઇંગ્લેન્ડ | 2025* | 5* | 174.25 |
| સુનિલ ગાવસ્કર | 732 | વેસ્ટઇન્ડિઝ | 1978 | 6 | 91.5 |
| વિરાટ કોહલી | 655 | ઇંગ્લેન્ડ | 2016 | 5 | 109.16 |
| વિરાટ કોહલી | 610 | શ્રીલંકા | 2017 | 3 | 152.5 |
| વિરાટ કોહલી | 593 | ઇંગ્લેન્ડ | 2018 | 5 | 59.3 |

**વિદેશની ધરતી પર કેપ્ટન તરીકે એક જ ટેસ્ટ સીરિઝમાં સર્વાધિક રન**

| કેપ્ટન | દેશ | રન | 100 | 50 | વર્ષ |
|---|---|---|---|---|---|
| ડોન બ્રેડમેન | ઓસ્ટ્રેલિયા | 810 | 3 | 1 | 1936 |
| ગ્રેહામ ગૂચ | ઇંગ્લેન્ડ | 752 | 3 | 3 | 1990 |
| શુભમન ગિલ | ભારત | 741 | 4 | 0 | 2025 |
| સુનીલ ગાવસ્કર | ભારત | 732 | 4 | 1 | 1978 |
| ડેવિડ ગોવર | ઇંગ્લેન્ડ | 732 | 3 | 1 | 1985 |
| ગેરી સોબર્સ | વેસ્ટઇન્ડિઝ | 722 | 3 | 2 | 1966 |

## આગામી IPL સિઝન માટે KKRની નજર કેએલ રાહુલ પર

**કેએલ રાહુલ** ટીમમાં આવે તો કેકેઆર માટે કેપ્ટન અને ઓપનરની ભૂમિકા ભજવી શકે છે

**કેકેઆર** ટ્રેડ વિન્ડો દ્વારા કેએલ રાહુલને રૂ. 25 કરોડ ખર્ચીને પોતાની ટીમમાં સામેલ કરવા તૈયાર



નવી દિલ્હી, તા. 31 : ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ની આગામી સિઝનને હજુ વાર છે તેમ છતાં હાલના ઇંગ્લેન્ડ પ્રવાસમાં બેટ વડે કમાલ કરી રહેલા ઓપનર બેટ્સમેન કેએલ રાહુલ પર કોલકાતા નાઇટ રાઇડર્સ નજર માંડીને બેસ્યું છે. અહેવાલો અનુસાર આઈપીએલ 2026માં રાહુલ દિલ્હી કેપિટલ્સ છોડીને કેકેઆરમાં જોડાઈ શકે છે અને આ માટે વાતચીત પણ શરૂ થઈ ગઈ છે.

એક મીડિયા અહેવાલ મુજબ, કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમ કેએલ રાહુલને તેમની ટીમમાં ઉમેરવા માંગે છે. કેકેઆર આગામી સીઝન માટે નવા કેપ્ટનની શોધમાં છે. શ્રેયસ ઐયરની કેપ્ટનશીપમાં આઈપીએલ 2024નો ખિતાબ જીત્યા બાદ, કેકેઆર 2025માં તેનો બચાવ કરી શક્યું નહીં. કેકેઆર ઐયરને રિટેન ન કર્યા પછી અજિંક્ય રહાણેએ કેપ્ટનશીપ કરી હતી, પરંતુ તેના નેતૃત્વમાં ટીમનું પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું હતું.

આ ઉપરાંત કેકેઆરે ગત સિઝનમાં યોજાયેલી મેગા હરાજીમાં ઓલરાઉન્ડર વેંકટેશ ઐયર પર 23.75 કરોડ રૂપિયા ખર્ચ્યા હતા .જો કે તે સિઝનમાં ટીમ માટે સંપૂર્ણ ફ્લોપ રહ્યો. આવી સ્થિતિમાં, હવે કેકેઆર આગામી સિઝનમાં પોતાની ભુલ સુધારવા માગે છે અને તેઓ ટ્રેડ વિન્ડો દ્વારા રાહુલને પોતાની ટીમમાં સામેલ કરવા માગે છે. એવા અહેવાલ છે કે રાહુલ માટે કેકેઆર ઓછામાં ઓછા 25 કરોડ રૂપિયા ખર્ચવા તૈયાર છે.

## કાઉન્ટી DIV2 મેચમાં, યુઝવેન્દ્ર ચહલની ડર્બીશર સામે ઘાતક બોલિંગ, છ વિકેટ ઝડપી

**નોર્ધમ્પ્ટનશર** વતી રમતા ચહલે 118 રન આપીને છ વિકેટ ઝડપી, ડર્બીશર 377 રનમાં ઓલઆઉટ થયું



નોર્થમ્પ્ટન, તા. 31 : ભારતીય ટીમમાં વાપસી કરવા માટે સંઘર્ષ કરી રહેલા અનુભવી લેગ-સ્પિનર યુઝવેન્દ્ર ચહલે કાઉન્ટી ચેમ્પિયનશિપ DIV2 ની 41મી મેચમાં ડર્બીશર સામે જોરદાર બોલિંગ કરીને છ વિકેટ ખેરવી હતી

ડર્બીશરની પ્રથમ ઈનિંગમાં ચહલે કુલ 33.2 ઓવર ફેંકી હતી. આ દરમિયાન, તે 3.54 ની ઈકોનોમીથી 118 રન આપીને છ વિકેટ લીધી હતી. તેણે ઓપનર લુઈસ રીસ ઉપરાંત, હેરી કેમ, બ્રુક ગેસ્ટ, જેક ચેપલ, બેન એચિસન અને બ્લેર ટિકનરને આઉટ કર્યા હતા. ટોસ જીતીને પહેલા બેટિંગ કર્યા બાદ, આખી ડર્બીશર ટીમ 104.2 ઓવરમાં 377 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. સાતમા ક્રમના બેટ્સમેન માર્ટિન એન્ડરસન 105 રન કરીને સૌથી વધુ સ્કોરર રહ્યો હતો. તેના સિવાય, 10મા ક્રમે બેટિંગ કરનાર બેન એચિસને 54 બોલમાં 45 રનનું યોગદાન આપ્યું હતું, જ્યારે ઈનિંગની શરૂઆત કરતા લુઈસ રીસે 90 બોલમાં 39 રનનું યોગદાન આપ્યું હતું. બાકીના બેટ્સમેન હંમેશા નોર્થમ્પ્ટનશરના બોલરો સામે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા.



## મેસીએ અંતિમ પળોમાં ભજવેલી સહાયકની ભૂમિકાથી ઇન્ટર મિયામીએ એટલાસને હરાવ્યું

**સ્ટોપેજ** ટાઇમની છેલ્લી મિનિટે મેસીએ આપેલા પાસને માર્સેલો વેઇન્ડટે ગોલમાં ફેરવતા ઇન્ટર મિયામી મેચ 2-1થી જીત્યું

મિયામી, તા. 31 (એપી) લિયોનલ મેસીએ મેચની અંતિમ પળોમાં કરેલી કરામતને પગલે ઈન્ટર મિયામીએ લીગ કપ સોકર ટુર્નામેન્ટની તેમની પ્રથમ મેચમાં એટલાસને 2-1થી હરાવ્યું હતું.

મેજર લીગ સોકર દ્વારા ઓલ-સ્ટાર ગેમ ચૂકી જવા બદલ મેજર લીગ સોકર દ્વારા તેના સાથી ખેલાડી જોર્ડી આલ્બાને એક મેચ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ મેસીની આ પહેલી મેચ હતો. તેણે સ્ટોપેજ ટાઈમની છેલ્લી મિનિટે આપેલા પાસને માર્સેલો વેઈન્ડટે વિજયી ગોલમાં ફેરવ્યો હતો. વિડિઓ સમીક્ષા સિસ્ટમ પછી જ ગોલ માન્ય કરવામાં આવ્યો હતો. મેસીએ અગાઉ 58મી મિનિટે ટેલ્સાસ્કો સેગોવિયાના ગોલમાં મદદ કરી હતી. ૮૦મી મિનિટે રિવાલ્ડો લોઝાનોએ એટલાસ માટે બરાબરીનો ગોલ કર્યો હતો.

આ મેચમાં આર્જેન્ટિનાના મિડફિલ્ડર રોડ્રિગો ડી પોલે ઈન્ટર મિયામી માટે ડેબ્યૂ કર્યું હતું. મેસીના રાષ્ટ્રીય ટીમના સાથી ડી પોલે ગયા અઠવાડિયે ક્લબ સાથે સત્તાવાર રીતે કરાર કર્યો હતો.

## મોન્ટ્રીયલ ઓપન : ઈગા સ્વિટેક સરળ જીત સાથે ત્રીજા રાઉન્ડમાં પ્રવેશી

**ઇવા** લીસ, જેસિકા પેગુલા, અમાન્ડા અનિસિમોવા. મેડિસન કિઝ, નાઓમી ઓસાકા પણ આગળ વધી



મોન્ટ્રીયલ, તા. 31 (એપી) : વિમ્બલડન ચેમ્પિયન ઈગા સ્વિટેકે પોતાનું મજબૂત પ્રદર્શન ચાલુ રાખીને, ચીનની ગુઓ હાન્યુને 6-3, 6-1 થી હરાવીને નેશનલ બેંક ઓપન ટેનિસ ટુર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

વિમ્બલડનની ફાઈનલમાં અમાન્ડા અનિસિમોવાને 6-0, 6-0થી હરાવ્યા બાદ સ્વિટેક પોતાની પહેલી મેચ રમી હતી, તેણે પોતાની જીતનો સિલસિલો 24 મેચ સુધી લંબાવ્યો હતો. વિશ્વની બીજા ક્રમાંકિત પોલેન્ડની સ્વિટેકનો સામનો હવે જર્મનીની ઈવા લિસ સાથે થશે, જેણે રશિયાની અનાસ્તાસિયા પાવલ્યુચેન્કોવાને 6-3, 6-4થી હરાવી હતી.

બે વખતની ડિફેન્ડિંગ ચેમ્પિયન અમેરિકન જેસિકા પેગુલા પણ ગ્રીસની મારિયા સક્કારીને 7-5, 6-4 થી હરાવીને આગામી રાઉન્ડમાં પહોંચી ગઈ. પાંચમી ક્રમાંકિત અમાન્ડા અનિસિમોવાએ ન્યુઝીલેન્ડની લુલુ સનને 6-4, 7-6 (5) થી હરાવી હતી.

છઠ્ઠી ક્રમાંકિત મેડિસન કીઝે જર્મનીની લૌરા સિગમન્ડને 6-2, 6-1થી હરાવી, જ્યારે જાપાનની નાઓમી ઓસાકાએ રશિયાની લ્યુડમિલા સેમસોનોવાને 4-6, 7-6 (6), 6-3થી હરાવી હતી.

## કેનેડાનો ગેબ્રિયલ ડાયલો ત્રીજા રાઉન્ડમાં, હવે ફ્રિટ્ઝ સામે ટકરાશે



ટોરોન્ટો, તા. 31 (એપી) : ઊંચા કદના કેનેડિયન ટેનિસ ખેલાડી ગેબ્રિયલ ડાયલોએ ઈટાલીના માટ્ટેઓ જિગેન્ટેને 6-3, 7-6થી હરાવીને નેશનલ બેંક ઓપન ટેનિસ ટુર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. મોન્ટ્રીયલના 6 ફૂટ 8 ઊંચા ડાયલોએ વરસાદથી પ્રભાવિત મેચમાં એક કલાક અને 46 મિનિટમાં જીત મેળવી હતી.

ગયા મહિને નેધરલેન્ડ્સમાં પોતાનું પહેલું એટીપી ટૂર ટાઇટલ જીતનાર ડાયલોનો આગામી મુકાબલો બીજા ક્રમાંકિત અમેરિકન ટેલર ફ્રિટ્ઝ સામે થશે, જેણે સ્પેનના રોબર્ટો કાર્બેલેસ બેનાને 7-5, 7-6થી હરાવ્યો હતો. બીજા રાઉન્ડની અન્ય મેચોમાં, ચોથા ક્રમાંકિત અમેરિકન બેન શેલ્ટને ફ્રેન્ચ ક્વોલિફાયર એડ્રિયન મન્નારિનોને 6-2, 6-3 થી અને છઠ્ઠા ક્રમાંકિત રશિયાના આન્દ્રે રુબલેવે ફ્રાન્સના હ્યુગો ગેસ્ટનને 6-2, 6-3 થી હરાવ્યો હતો.

## અનુસંધાન ... પાના પહેલાનું

### ટ્રમ્પના ટેરિફની...

હતું. આજે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે, ભારત રાષ્ટ્રીય હિતના રક્ષણ અને પ્રોત્સાહન માટે તમામ જરૂરી પગલાં લેશે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા 1 ઓગસ્ટથી અમેરિકામાં થતી સ્થાનિક નિકાસ પર 25 ટકા ટેરિફ અને દંડની જાહેરાત કર્યાના એક દિવસ બાદ તેમણે આજે આ કહ્યું હતું. સંસદના બંને ગૃહોમાં એક સ્વયંભૂ નિવેદનમાં, તેમણે કહ્યું કે, સરકાર આ ટેરિફના પરિણામોની ચકાસણી કરી રહી છે અને નિકાસકારો અને ઉદ્યોગ જગત સહિત તમામ હિસ્સેદારો સાથે પરિસ્થિતિના તેમના મૂલ્યાંકનના ફીડબેક મેળવવા માટે સંપર્કમાં છે.

### ભારતે રશિયા...

ખાનગી કંપની મેંગલોર રિફાઈનરી પેટ્રોકેમિકલ્સ લિમિટેડએ ગયા સપ્તાહે રશિયન ઓઈલ મંગાવ્યું નથી એમ સૂત્રોએ જણાવ્યું હતું. IOC, BPCL, HPCL, MRPL અને કેન્દ્રીય ઓઈલ મંત્રાલયે રોઈટર્સની ટિપ્પણી માટેની વિનંતીઓનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો.

### ટ્રમ્પે પાકિસ્તાન...

સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો એમ તેમણે X પર લખ્યું. આ સીમાચિહ્નરૂપ કરાર અમારા વધતા સહયોગને વધારશે જેથી આવનારા દિવસોમાં અમારી સ્થાયી ભાગીદારીની સીમાઓ વિસ્તૃત કરી શકાય એમ તેમણે કહ્યું હતું. રેડિયો પાકિસ્તાનના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનના નાણામંત્રી મુહમ્મદ ઔરંગઝેબ, અમેરિકી વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિક અને વેપાર પ્રતિનિધિ રાજદૂત જેમીસન ગ્રીર વચ્ચે વોશિંગ્ટન ડીસીમાં યોજાયેલી બેઠક દરમિયાન આ કરાર થયો હતો.

### રાહુલે ટ્રમ્પના...

પુનરાવર્તન કેમ કરે છે. ભારત વિરોધી નિવેદનો કરવા એ રાહુલની માનસિકતા થઈ ગઈ લે એમ ઠાકુરે કહ્યું હતું.

### દોસ્તનો દગો:...

દ્વારા કરવામાં આવેલી માંગણીઓ સ્વીકારવા માટે નવી દિલ્હીને દબાણ કરવાની યુક્તિ તરીકે જોવામાં આવી રહી છે, જેણે તાજેતરના દિવસોમાં જાપાન, યુકે અને યુરોપિયન યુનિયન જેવા મુખ્ય ભાગીદારો સાથે અનુકૂળ વેપાર કરાર કર્યા છે. ટ્રમ્પે ભારતની વેપાર નીતિઓને સૌથી કઠોર અને ઘૃણાસ્પદ ગણાવી. હતી. બધું સારું નથી! તેથી ભારત પહેલી ઓગસ્ટથી 25 ટકા ટેરિફ અને તે ઉપરાંત દંડ ચૂકવશે એમ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું. ભારતે રશિયા પાસેથી તેલ અને લશ્કરી સાધનોની મોટી ખરીદી કરી હોવાથી આ દંડની જાહેરાત કરવામાં આવી હતી. ભારત રશિયન આયાત માટે દંડનો સામનો કરનારો પહેલો દેશ છે.

### માલેગાંવ વિસ્ફોટ...

પુરોહિતનો પણ સમાવેશ થાય છે. કોર્ટે નોંધ્યું હતું કે તેમની સામે કોઈ વિશ્વાસપાત્ર અને નક્કર પુરાવા નથી.

ત્રાસવાદને કોઇ ધર્મ હોતો નથી એમ કહેતા અદાલતે વધુમાં કહ્યું હતું કે ફક્ત ધારણાના આધારે કોઈને દોષિત ઠરાવી શકાય નહીં. ઠાકુર અને પુરોહિત બંનેએ કોર્ટના આદેશની સરાહના કરી હતી. પ્રજ્ઞા ઠાકુરે કહ્યું હતું કે આ નિર્દોષ છુટવું એ ફક્ત મારો જ વિજય નથી પણ ભગવાનો વિજય છે, જ્યારે આ નિર્દોષ છૂટવાની જાહેરાતે ભગવા ત્રાસવાદના ખયાલની ચર્ચાઓ ફરી શરૂ કરાવી છે. ભગવા કી વિજય હુઇ હૈ એમ ઠાકુરે કહ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૯ સપ્ટેમ્બર, ૨૦૦૮ના રોજ મુંબઇથી ૨૦૦ કિમી દૂર આવેલા માલેગાંવ ટાઉનમાં એક મોટર સાઇકલમાં મૂકેલો બોમ્બ એક મસ્જિદ નજીક ફૂટ્યો હતો, જેમાં છ વ્યક્તિઓનાં મોત થયા હતા અને અન્ય ૧૦૧ને ઈજા થઇ હતી. કોર્ટે નોંધ્યું હતું કે ફરિયાદ પક્ષ તે મોટરસાઈકલ સાબિત કરવામાં નિષ્ફળ ગયો હતો જેના કારણે વિસ્ફોટ થયો હતો તે ઠાકુરનું હતું. કોર્ટે એમ પણ અવલોકન કર્યું હતું કે ફરિયાદ પક્ષે બોમ્બ વિસ્ફોટ થયો હોવાનું સાબિત કર્યું હતું, પરંતુ તે એ સાબિત કરવામાં નિષ્ફળ ગયો હતો કે મોટરસાઈકલમાં વિસ્ફોટક મૂકવામાં આવ્યો હતો. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ના કેસોની સુનાવણી માટે સોંપાયેલા સ્પેશિયલ જજ એ કે લાહોટીએ ફરિયાદ પક્ષના કેસમાં અને તપાસમાં ઘણા છીંડા શોધી કાઢ્યા હતા અને કહ્યું હતું કે આરોપીઓને શંકાનો લાભ મળવો જોઈએ. ઠાકુર અને પુરોહિત ઉપરાંત, આરોપીઓમાં મેજર રમેશ ઉપાધ્યાય (નિવૃત્ત), અજય રહીરકર, સુધાકર દ્વિવેદી, સુધાકર ચતુર્વેદી અને સમીર કુલકર્ણીનો સમાવેશ થાય છે. કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા પછી, સાત આરોપીઓ ચહેરા પર સ્મિત સાથે રાહત અનુભવતા હતા. તેઓએ ન્યાયાધીશ અને તેમના વકીલોનો આભાર માન્યો. કોર્ટે ચુકાદો વાંચતી વખતે કહ્યું કે વાજબી શંકાની બહાર કેસ સાબિત કરવા માટે કોઈ વિશ્વસનીય અને મજબૂત પુરાવા નથી. કોર્ટે સરકારને નિર્દેશ આપ્યો છે કે વિસ્ફોટમાં મૃતકોના પરિવારજનોને બે લાખ રૂપિયા અને ઘાયલ થયેલા ૧૦૧ વ્યક્તિઓમાંથી દરેકને ૫૦,૦૦૦ રૂપિયા વળતર આપવામાં આવે.

કોર્ટનો ચુકાદો અસ્વીકાર્ય છે અને હું ન્યાય મેળવવા માટે સુપ્રીમ કોર્ટમાં પણ જઈશ," વિસ્ફોટનો સૌથી નાની ભોગ બનેલી ફરહીન (૧૦) ના પિતાએ કહ્યું. માલેગાંવમાં મીડિયા સાથે વાત કરતા ૬૭ વર્ષીય લિયાકત શેખે પોતાની પુત્રીનો ફોટો બતાવતા કહ્યું કે અમે ન્યાય મેળવવા માટે સુપ્રીમ કોર્ટમાં જઈશું. માલેગાંવ મુસ્લિમોની મોટી વસ્તી ધરાવતું નગર છે. આ કેસની તપાસ એનઆઈએ કરી રહી હતી અને તેણે કોર્ટને જણાવ્યું હતું કે પવિત્ર રમઝાન માસમાં મુસ્લિમોમાં ભય ફેલાવવા આ વિસ્ફોટ કરવામાં આવ્યો હતો.

### દિલ્હી ડાયરી...

રાષ્ટ્રપતિના ખાનગી કાગળો રાષ્ટ્રીય આર્કાઇવ્ઝને વ્યક્તિગત રીતે સોંપ્યા હતા. ઉપરાંત, દસ્તાવેજોમાં તેમના ભાષણો અને જન્મદિવસની શુભેચ્છાઓ પણ સામેલ છે જે તેમને તેમના રાષ્ટ્રપતિ પદ દરમિયાન વિશ્વના નેતાઓ તરફથી તેમના જન્મદિવસ પર મળી હતી. રાષ્ટ્રીય આર્કાઇવ્ઝમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સહિત અનેક અન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓના ખાનગી કાગળો છે.